ʃ

## "વીર મેઘમાયા બલિદાન" પુરસ્કાર યોજના

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
પરિપત્ર ક્રમાંક:-મહક/૧૦૨૦૧૨/૨૩૬/અ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:- ૩૧/૦૩/૨૦૧૨

**વંચાણે લીધો:-** ગૃહ વિભાગનો તારીખ-૨૭/૧૧/૨૦૦૩ નો ઠરાવ ક્રમાંક:-
સકલ/૩૦૨૦૦૩/૩૪૮૯/પી

**પરિપત્ર:-**

ગૃહ વિભાગના વંચાણે લીધેલ તા.૨૭/૧૧/૨૦૦૩ના ઠરાવથી બહાદૂરી અને હિંમત દાખવીને રાષ્ટ્રીય હિત અથવા જનસમુદાય માટે પોતાની જાતનું બલિદાન આપનાર વ્યક્તિના પરિવારને "વીર મેઘમાયા બલિદાન" પુરસ્કાર અર્પણ કરવાની યોજના અંતર્ગત ગુજરાત રાજ્યના વતની હોય તેવા કોઇપણ પ્રજાજને આગલા કેલેન્ડર વર્ષ દરમિયાન રાજ્યમાં કે રાજ્ય બહાર રાષ્ટ્રીય હિત માટે પોતાના જાનનું બલિદાન આપેલ હોય તેવી વ્યક્તિના પરિવારને "વીર મેઘમાયા બલિદાન" પુરસ્કાર એનાયત કરવાનું ઠરાવેલ છે.

ઉક્ત ઠરાવથી દર વર્ષે આ પુરસ્કાર સ્વાતંત્ર દિને રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે બલિદાન આપનાર વ્યક્તિના પરિવારને એનાયત કરવાનું પણ નિયત થયેલ છે. આ ઉપરાંત આ યોજના અંતર્ગત પુરસ્કાર સ્વરૂપે બલિદાન આપનાર નાગરિક/વ્યક્તિના પરિવારને ₹/-૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પુરા), રોકડ પુરસ્કાર, એક સ્મૃતિચિહ્ન અને પ્રશસ્તિપત્ર એનાયત કરવાની જોગવાઇ છે.

ઉક્ત પુરસ્કાર માટે બલિદાન આપનાર વ્યક્તિના પરિવારની પસંદગી માટે ૨૭/૧૧/૨૦૦૩ના ઠરાવથી કાર્યપધ્ધિત પણ નિયત થયેલ છે. તે મુજબ આ માટે દરેક જિલ્લા કલેકટરની અધ્યક્ષતા માં જિલ્લા કક્ષાની પસંદગી સમિતીની રચના થયેલ છે. અને આ સમિતીએ આ માટે સબંધિત સ્વ.વ્યક્તિના પરિવાર પાસેથી અરજીઓ મંગાવી તમામ અરજીઓ પરત્વે ચકાસણી કરી નિયત નમુનામાં તા.૩૧/૩/૨૦૧૨ સુધીમાં રાજ્ય કક્ષાની સમિતીને ભલામણો મોકલી આપવાની હોય છે. રાજ્ય કક્ષાની સમિતી (કે જે રાજ્યના મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં) દરેક જિલ્લા કક્ષાની સમિતી દ્વારા થયેલ ભલામણ પરત્વે ચકાસણી કરીને ગુણવતાના આધારે આ પુરસ્કાર માટે રાજ્ય સરકાર સમક્ષ અનુમતિ અર્થે ૩૧ મી મે-સુધીમાં મોકલી આપાવાની હોય છે. અને માન.મુખ્યમંત્રીશ્રીના હસ્તે તા.૧૫/૮/૨૦૧૨ (સ્વતંત્રદિન)ના

રોજ પસંદ થયેલ બલિદાન આપનાર વ્યક્તિના પરિવારને "વીર મેઘમાયા" બલીદાન પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવે છે.

આ પુરસ્કાર યોજનાના શરૂના વર્ષો બાદ કરતા આ બાબતે જિલ્લા કલેકટરશ્રીઓ તરફથી દર વર્ષે કોઇ ભલામણ કે માહિતી મોકલવામાં ગૃહ વિભાગને મોકલવામાં આવતી નથી. જેથી રાજ્ય સરકારની આ યોજનાનો અમલ સંપૂર્ણરીતે થઇ શક્તો નથી.

ઉપરોક્ત વિગતોના પરિપ્રેક્ષયમાં ગૃહ વિભાગ ના તારીખ:-૨૭/૧૧/૨૦૦૩ના ઠરાવ ક્રમાંક:-સકલ/૧૦૨૦૦૩/૩૪૮૯/પી થી ઠરાવ્યા મુજબની કાર્યવાહી કરવા સર્વે કલેકટરશ્રીઓને વિનંતી કરવામાં આવે છે.(ઠરાવની નકલ સામેલ છે.) આ અંગે નિયત સમયમર્યાદામાં માહિતી મોકલી આપવા પણ ફરી વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

બિડાણ:- ઉપર મુજબ

(સી.બી.ભગત)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
- C.I.O., ગૃહ વિભાગ, આ હુકમો વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સાથે.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ,
- શાખા સેલકટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારી સીલેક્ટ ફાઇલ.

"વીર મેઘમાયા બલિદાન" પુરસ્કાર યોજના

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક: સકલ/૩૦૨૦૦૩/૩૪૮૯/પી,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૭ - ૧૨ - ૨૦૦૩.

**વંચાણે લીધો:**

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગરનો તા.૧૭/૯/૦૩ નો નિમપત્રક્રમાંક: એમ/એવોર્ડ/૧૨૦૩/૨૦૦૩

**આમુખ:**

બહાદુરી અને હિંમત દાખવીને રાષ્ટ્રીય હિત માટે અથવા જનસમુદાય માટે પોતાના જાનનું બલિદાન આપનાર વ્યકિતના પરિવારને " વીર મેઘમાયા બલિદાન " પુરસ્કાર અર્પણ કરવાની યોજનાની ઘોષણા માનનીય મુખ્યમંત્રીશ્રીએ પાટણ ખાતે તા.૧૫/૮/૦૩ ના રોજ સ્વાતંત્ય દિનની ઉજવણી દરમ્યાન કરી હતી. રાષ્ટ્રની એકતા, રાષ્ટ્રની પ્રાદેશિક અખંડીતતા, આંતરિક સુરક્ષા માટે કે જનસમુદાયની રક્ષા કાજે પોતાની વ્યકિતગત સુરક્ષાની પરવા કર્યા વિના, બહાદુરી/હિંમત દાખવીને ત્રાસવાદી/આતંકવાદી કે ભાગલાવાદી તત્વો કે જે વિદેશી સહાય/સમર્થન કે વિદેશની સહાય કે સમર્થન વગર રાષ્ટ્ર કે સમાજને હાનિકારક પ્રવૃત્તિઓ, વિશેષ કરીને હિંસા આચરીને સામુહિક હત્યાકાંડ કરવા માગતા કે રાષ્ટ્રીય/જાહેર સંપત્તિને નુકશાન કરતા તત્વોનો સામનો કરીને પોતાની વ્યકિતગત સલામતિની પરવા કર્યા વગર રાષ્ટ્ર અને સમાજના વિશાળ હિત ખાતર જાનનું બલિદાન આપનાર વ્યકિતના બલિદાનની ગરીમા જાળવવા, આવી વ્યકિતના પરિવારનું યોગ્ય રીતે સન્માન કરવાનો રાજય સરકારનો અભિગમ સાકાર કરવા માટે એક પુરસ્કાર યોજના બનાવવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. આ બાબતે પુખ્ત વિચારણાને અંતે નીચે જણાવ્યા પ્રમાણેની " વીર મેઘમાયા બલિદાન" પુરસ્કાર (રાજય પારિતોષિક) યોજના અમલમાં મૂકવાનું આથી ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:**

ગુજરાત રાજયના વતની હોય તેવા કોઈપણ પ્રજાજને આગલા કેલેન્ડર વર્ષ દરમિયાન રાજયમાં કે રાજય બહાર રાષ્ટ્રીય હિત માટે પોતાના જાનનું બલિદાન આપેલ હોય તેવી વ્યકિતના પરિવારને " વીર મેઘમાયા બલિદાન " પુરસ્કાર એનાયત કરવાનું ઠરાવવામાં આવે છે. આ પુરસ્કાર યોજનાની વિગતો/શરતો નીચે પ્રમાણેની રહેશે.

૨. **શરતો :**

(૧) પ્રત્યેક કેલેન્ડર વર્ષ દરમિયાન ગુજરાત રાજયના વતની હોય અને રાજયમાં કે રાજય બહાર રાષ્ટ્રીય હિત માટે સર્વસ્વ બલિદાન કરનાર વ્યકિતના પરિવારને " વીર મેઘમાયા બલિદાન" પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવશે. અને તે પરિવારને માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે સ્વાતંત્ય દિને આ પુરસ્કાર એનાયત કરવામાં આવશે.

(૨) પરિવારમાં બલિદાન આપનાર વ્યક્તિના સીધી લીટીના વારસદાર/વારસદારોનો સમાવેશ ગણાશે.

(૩) આ પુરસ્કારમાં રૂા.૧,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ પુરા) રોકડ પુરસ્કાર, એક સ્મૃતિચિહ્ન અને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવશે.

(૪) જિલ્લા કક્ષાની પસંદગી સમિતિઓએ આગલા કેલેન્ડર વર્ષ દરમિયાન તેમના જિલ્લામાં રાષ્ટ્રીય હિત માટે સર્વસ્વ બલિદાન કરનાર વ્યક્તિના પરિવારોની અરજીઓ મંગાવીને આ પુરસ્કાર માટેની ભલામણ નિયત નમૂના- ' અ 'માં રાજ્ય કક્ષાની પસંદગી સમિતિને ૩૧ મી માર્ચ સુધીમાં મોકલી આપવાની રહેશે.

(૫) રાજ્ય કક્ષાની પસંદગી સમિતિએ જિલ્લા કક્ષાની સમિતિઓ દ્વારા કરવામાં આવેલ ભલામણો/દરખાસ્તોની ગુણવત્તાના ધોરણે ચકાસણી કરીને બલિદાન આપનાર વ્યક્તિના પરિવારની આ પુરસ્કાર માટે પસંદગી કરીને સમિતિની ભલામણ સરકારશ્રીની અનુમતિ અર્થે જે તે કેલેન્ડર વર્ષની ૩૧ મી મે- સુધીમાં મોકલી આપવાની રહેશે.

(૬) આ પુરસ્કાર માટે કેન્દ્ર/રાજ્ય સરકાર/ પંચાયત કે સહકારી બેંક, બોર્ડ, નિગમ, જાહેર સાહસો, સરકારી કે અર્ધસરકારી કંપનીના કર્મચારી/અધિકારી અને પોલીસ અધિકારી/કર્મચારીને કે જેને પોતાના આવા બલિદાન માટે સરકાર તરફથી શૌર્ય ઇનામ કે અન્ય એવોર્ડ કે ઇનામ અલગથી આપવામાં આવતું હોઈ તેના પરિવારને " વીર મેઘમાયા બલિદાન " પુરસ્કાર વધારામાં મળવાપાત્ર થશે નહીં. અર્થાત એક બલિદાન માટે મેઘમાયા પુરસ્કાર ઉપરાંત અન્ય એવોર્ડ કે શૌર્ય પુરસ્કાર મેળવેલ ન હોય તેની ખાત્રી કરવાની રહેશે.

(૭) અગાઉ આ પુરસ્કાર મેળવેલ હોય તેવી વ્યક્તિના પરિવારને પુનઃ આ પુરસ્કાર માટે પસંદગી કરી શકાશે નહિ. પરંતુ, આ પુરસ્કાર માટે અગાઉ ભલામણ થયેલ હોય અને પુરસ્કાર માટે અંતિમ પસંદગી પામેલ ન હોય તેવા પરિવારની અરજી ઉપર પસંદગી માટે વિચારણા થઈ શકશે.

(૮) આ પુરસ્કારની શરૂઆત, ચાલુ કેલેન્ડર વર્ષ એટલે કે તા.૧/૧/૦૩ થી તા.૩૧/૧૨/૦૩ દરમિયાન રાષ્ટ્રીય હિત માટે બલિદાન આપનાર વ્યક્તિના પરિવારને આગામી સ્વાતંત્ર્ય દિન એટલે કે તા.૧૫/૮/૨૦૦૪ ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે એનાયત કરવામાં આવશે.

૩. <u>જિલ્લા કક્ષાની પસંદગી સમિતિ :</u> " વીર મેઘમાયા બલિદાન પુરસ્કાર" ની રાજ્ય કક્ષાના પસંદગી સમિતિને ભલામણ કરવા માટે પ્રત્યેક જિલ્લામાં નીચે પ્રમાણેની પસંદગી સમિતિની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | જિલ્લા કલેકટરશ્રી | અધ્યક્ષ |
| ૨. | પોલીસ અધિક્ષકશ્રી | સભ્ય |
| ૩. | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | સભ્ય |
| ૪. | નિવાસી નાયબ કલેક્ટરશ્રી. | સભ્ય સચિવ |

૪. <u>રાજ્ય કક્ષાની પસંદગી સમિતિ :</u> જિલ્લા કક્ષાની પસંદગી સમિતિઓએ આ પુરસ્કાર માટે કરેલ ભલામણો/દરખાસ્તોની ચકાસણી કરીને ગુણવત્તાના આધારે રાજ્ય સરકારની મંજૂરી અર્થે દરખાસ્ત/ભલામણ મોકલી આપવા માટે નીચે પ્રમાણે રાજ્ય કક્ષાની પસંદગી સમિતિની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ | મુખ્ય સચિવશ્રી | અધ્યક્ષ |
| ૨ | અધિક મુખ્ય સચિવ/અગ્રસચિવશ્રી/સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર | સભ્ય |
| ૩ | અધિક મુખ્ય સચિવ/અગ્રસચિવશ્રી/સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર | સભ્ય |
| ૪ | પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર | સભ્ય |
| ૫ | રાહત નિયામકશ્રી, મહેસુલ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર | સભ્ય |
| ૬ | મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત રાજ્ય ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર | સભ્ય |
| ૭ | ઉપસચિવ/નાયબ સચિવશ્રી(સંકલન), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર | સભ્યસચિવ |

૫. આ અંગેનો ખર્ચ ૨૦૫૫-- પોલીસ —૧૦૯(૧)--૦૫ સદરે મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી ઉધારવાનો રહેશે.

૬. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર [illegible] અગ્રસચિવશ્રી, નાણાં વિભાગની તા.૨૩/૯/૦૩ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિનેશ પી. કાપડિયા)
ઉપસચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,
માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર( પત્ર દ્વારા)
માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સર્વે માનનીય મંત્રીશ્રી/રાજ્યકક્ષાના મંત્રીશ્રી/નાયબ મંત્રીશ્રીના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સર્વે અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર
રાહત નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર
સર્વે અધિક સચિવશ્રી/સંયુકત સચિવશ્રી/નાયબ સચિવશ્રીઓ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
ઉપસચિવશ્રી(સંકલન), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
સર્વે નિવાસી નાયબ કલેકટરશ્રીઓ
મહાલેખાકારશ્રી, અમદાવાદ/રાજકોટ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
સર્વે શાખાઓ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
શાખા સિલેકટ ફાઈલ
નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઈલ